

## ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં પ્રવેશબંધી છતાં

# ભૂસ્તરે ૨૦થી વધુ લીઝ ફાળવી દીધી

**નિયમો કોરાણે**

**જળાશય** વિસ્તારમાં ૧૫૦ કિ.મી. સુધી બોટિંગ કે પ્રવેશ પર પ્રતિબંધનું જાહેરનામું, છતાં રેતી ઉલેચવા અસંખ્ય બાર્જ અને ડ્રેજર ઉતારી દેવાયા





**ડેમ** ઓથોરિટીના સુરક્ષાના જાહેરનામાને રેતી માફિયાઓનો ખુલ્લો પડકાર

વ્યારાઃ દક્ષિણ ગુજરાતની જીવાદોરીસમાન ઉકાઇ ડેમ સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોવાથી તેની સુરક્ષાની તકેદારી લેતાં ઉકાઇ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં આશરે ૧૫૦ કિ.મી.ના અંતર સુધી બોટિંગ કે અન્ય કોઈપણ રીતે પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકાયો છે. આવું જાહેરનામું બહાર પાડી તેનું કડકાઈથી અમલ કરાવવાને બદલે જળાશયના કેચમેન્ટના કુકરમુંડા-નિઝરના તાપી નદી વિસ્તારમાં ભૂસ્તર વિભાગે આડેધડ લીઝોની ફાળવણી કરી આ જાહેરનામાની રીતસર ઠેકડી ઉડાડી છે. ભૂસ્તર વિભાગે લીઝોની ફાળવણી કરતી વેળાએ ઉકાઈ જળાશયની સુરક્ષા મામલે આ જાહેરનામાની કોઇ તકેદારી લીધી નથી. સુરક્ષાની દૃષ્ટિએ ઉકાઇ ડેમથી જળાશયના ૧૫૦ કિ.મી. મહારાષ્ટ્રની સરહદ સુધીના વિસ્તારમાં સામાન્ય બોટિંગ કરવાની પણ છૂટ નથી. તેવામાં ભૂસ્તરે આ સંવેદનશીલ વિસ્તારની ગંભીરતા કે ઉકાઇ ડેમ ઓથોરિટીની પરવાનગી વિના મનસ્વી રીતે લીઝોની ફાળવણી કરી દેતાં આ વિસ્તારમાં પ્રતિબંધિત ગણાતા મહાકાય બાર્જ તેમજ ડ્રેજર તાપી નદીમાં ફરતા કરી રેતી માફિયાઓએ ડેમ ઓથોરિટીના સુરક્ષાના જાહેરનામાને ખુલ્લેઆમ પડકારતા જોવા મળ્યા છે.

નિઝર અને કુકરમુંડાના પ્રાંત અધિકારી, મામલતદાર, પોલીસની ટીમોએ પણ રેતીખનન મામલે તાપી નદીનું નિરીક્ષણ કરી આ વિસ્તારમાંથી બિન અધિકૃત ફરતી નાની-નાની બોટો પકડી છે, પણ આ તમામ અધિકારીઓ જાણે ઉકાઇ ડેમની સુરક્ષા મામલે બહાર પડાયેલા જિલ્લા મેજિસ્ટ્રેટના આવા જાહેરનામાથી અજાણ હોય તેમ આ બોટના માલિકો સામે જાહેરનામા ઉલ્લઘંન બાબતની કોઇ કાર્યવાહી કરી નથી. રાજકીય દબાણ હેઠળ નાની-નાની બોટો પકડી આ અધિકારીઓની ત્રિપુટીએ જળાશય વિસ્તારમાં બાર્જ હોડી અને ડ્રેજર સામે આંખ આડા કાન કરતાં આજે પણ તમામ નીતિનિયમોની ઉપેક્ષા કરી રેતી માફિયાઓ ખુલ્લેઆમ આ મહાકાય હોડીઓથી રેતી ઉલેચતા નજરે પડે છે. સામાન્ય રીતે તાપી નદીમાં બાર્જ હોડીઓથી રેતીખનનની પરવાનગી અપાતી નથી, તેવા સંજોગોમાં જ્યાં માછીમારોના બોટિંગ પર ડેમ ઓથોરિટી અને વહીવટી તંત્ર ડેમ સુરક્ષાની દૃષ્ટિએ પ્રતિબંધ મૂકતું હોય તો આ બાર્જ હોડી અને ડ્રેજરને રેતીખનન માટેની છૂટ કેવી રીતે? ડેમની સુરક્ષાની દૃષ્ટિએ ગંભીર સવાલો ઊભા થયા છે.

વળી, ઉકાઇ જળાશયનો આશરે ૧૫૦ કિ.મી. સુધીનો વિસ્તાર કાયદાની ભાષાના સંવેદનશીલ જાહેર કરાયો છે. તો ભૂસ્તર વિભાગે આ વિસ્તારમાં રેતી ઉલેચવાની પરમિશન આપી કેવી રીતે? દરિયાઇ જહાજ ગણાતા આ મહાકાય બાર્જ અને ડ્રેજર ખૂબ જ સ્પીડમાં દોડતી બોટો છે. ધાર્યા કરતાં વધુ વજન ઊંચકી આ મહાકાય બોટો ખૂબ જ સ્પીડમાં દોડતી હોય, તેવા સમય કોઇ વિસ્ફોટક સામગ્રી ભરી કોઈપણ વિઘ્નસંતોષી કે આતંકવાદી જેવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી વ્યક્તિ ખૂબ જ સરળતાથી અત્યંત સંવેદનશીલ મથક એવા ઉકાઇ ડેમ સુધી પહોંચી રાતોરાત પોતાની મેલીમુરાદ ખૂબ જ સરળતાથી પાર પાડી શકે તેવી ગંભીર સ્થિતિ નિર્માણ થઈ છે. આવા સમયે ઉકાઈ જળાશય વિસ્તારમાં બાર્જ અને ડ્રેજરને ફરતું મૂકવું સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત જોખમી હોય ઉચ્ચસ્તરીય કાર્યવાહી થવી જોઈએ. ઉકાઈ ડેમ ઓથોરિટી પણ આ મામલે ગંભીર બને એ જરૂરી છે.

### ઉકાઇ ડેમની સુરક્ષા માટેના જાહેરનામામાં શું લખ્યું છે?

વ્યારાઃ તાપી જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સને-૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૪) હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી તાપી(વ્યારા)ના જાહેરનામા નં.એમજીએમ ઉકાઇ ડેમ/ જાહેનામું/વશી/૫૦૫થી ૫૪૦/૧૩, તા.૩૧/૦૧/૨૦૧૩ અન્વયે ઉકાઇ ડેમથી ૧૫૦.૦૦ કિ.મી. સુધીના જળાશય વિસ્તારમાં કોઇકે માછીમારી કરવી નહીં, બોટિંગ કે અન્ય કોઈપણ રીતે પ્રવેશ કરવો નહીં, આ હુકમનો ભંગ કરનાર પર ઇન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેવું કાર્યપાલક ઇજનેર ઉકાઇ વિભાગ નં.૧, ઉકાઇના હુકમથી ઉકાઇ જળાશય વિસ્તારમાં ઠેર ઠેર પાટિયા માર્યા છે. પણ તેનો કોઇ અમલ કરાતો નથી.

### અમને જાણ કરવામાં આવી નથી

“ઉકાઇ ડેમથી ૧૫૦ કિ.મી. સુધીના ઉકાઇ જળાશય વિસ્તારમાં માછીમારી કે બોટિંગ માટેની પરવાનગી અપાતી નથી, તેવું જાહેરનામું છે. ભૂસ્તર વિભાગે તાપી નદીના જળાશય વિસ્તારમાં જે લીઝો મંજૂરી કરી છે તેની કોઈ જાણ અમને કરવામાં આવી નથી.

**-હેમંતભાઇ ચૌધરી,** કાર્યપાલક ઇજનેર, ઉકાઈ વિભાગ નં.૧, ઉકાઈ



વિશાલ પટેલ

## ખોલવડમાં બેટથી મારવાની ઘટનાનું પોલીસે આરોપીને સાથે રાખી રિ-કન્સ્ટ્રક્શન કર્યું

**રાહુલસિંહે** ઉશ્કેરાઈ જઈ ચિરાગ અને તેની માતાને માર માર્યો હતો

કામરેજઃ થોડા દિવસ અગાઉ કામરેજના ખોલવડમાં નાના બાળકોના ક્રિકેટના ઝઘડામાં સોસાયટીમાં જ રહેતા એક ઈસમે માતા અને પુત્રને બેટથી મારવાની ઘટનામાં પોલીસે આરોપીનું ઘટના સ્થળે રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું.

ખોલવડ ગામે ગોકુલનગરમાં ગુરુ આશિષ એપાર્ટમેન્ટમાં રહેતા ચિરાગ નટુભાઇ ગોહીલના પુત્ર ધર્મ થોડા દિવસ અગાઉ એપાર્ટમેન્ટની પાસે આવેલા શ્રીપાદ એપાર્ટમેન્ટ નીચે ક્રિકેટ રમતો હતો. ત્યારે રાહુલસિંહ અજીતસિંહ નકુમ (રહે., શ્રીપાદ એપાર્ટમેન્ટ, ખોલવડ, મૂળ રહે., ભાવનગર) આવી તું ધર્મનો બાપ છો તારો છોકરો ક્રિકેટ રમતાં રમતાં નાનાં બાળકોને પાડી નાંખે છે, જેથી તું તારા છોકરાને સમજાવ તેવી નજીવી વાતમાં રાહુલસિંદ એકદમ ઉશ્કેરાઇ જઈ ચિરાગને મારવા લાગતા માતા અને ભાઈ બચાવવા જતાં રાહુલસિંહે લાકડાની બેટથી ચિરાગ, માતા ભાનુબેનને મારમારી લોહી લુહાણ કરી મુક્યા હતાં. જે અંગે કામરેજ પોલિસમથકમાં રાહુલસિંહ સામે ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. પોલીસે રાહુલસિંહની સોમવારના રોજ સાંજે ધરપકડ કરીને મંગળવારના રોજ ઘટના સ્થળે જઈ રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું.

## પાલોદ પોલીસે કીમ ચાર રસ્તા સર્કલ નજીક વાહન ચેકિંગ અભિયાન હાથ ધર્યું

હથોડાઃ પાલોદ પોલીસ ચોકી હદ વિસ્તાર ઔદ્યોગિક વિસ્તાર હોવાથી પરપ્રાંતીઓની સંખ્યા વધુ હોય તેમજ ગંભીર પ્રકારના ગુનાઓમાં પણ પરપ્રાંતીઓએ જ દેકારો મચાવતાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે એ માટે પાલોદ પોલીસે નજીકના કીમ ચાર રસ્તા સર્કલની નીચે પોલીસ ફોર્સ ખડકી દઈ વાહન ચેકિંગ અભિયાન હાથ ધર્યું હતું. જેમાં સંખ્યાબંધ વાહનોની ચકાસણી હાથ ધરી હતી અને કેટલાંક વાહનચાલકો સામે કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### કામરેજની સિધ્ધાર્થ લો કોલેજમાં યુનિફોર્મ સિવિલ કોડ વિશે સેમિનાર યોજાયો



વિશાલ પટેલ

કામરેજ: કામરેજ ચાર રસ્તા નજીક આવેલી ડો.બી.આર. આંબેડકર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સિધ્ધાર્થ લો કોલેજમાં યુનિફોર્મ સિવિલ કોડ વિશે જાગૃતિ માટે લીગલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે માણેકલાલ નાણાવટી લો કોલેજ (અમદાવાદ)ના અધ્યાપક સહાયક ડો. મંજરી સિંઘે વિદ્યાર્થીઓને યુનિફોર્મ સિવિલ કોડ વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ કઠોર બાર એસોસિએશનના પ્રમુખ હરેશ એમ. નાકરાણી દ્વારા પણ વિદ્યાર્થીઓને પેરાલીગલ એક્ટિવિટી, લોક અદાલત અને ભવિષ્ય ઉપયોગી વકીલાતના વ્યવસાય વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ સમગ્ર સેમીનારનાં આયોજન માટે કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી અલ્પેશ પરમારએ સફળ ભૂમિકા ભજવી હતી. કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. યોગીનીબેન વાઘેલાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પ્રસંગોપાત ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના સ્ટાફ ડો. શબાના યુ.લંગા, પ્રો.કિરણબેન સોલંકી, ડો. જિજ્ઞેશ કે.પટેલ, મિતેશ ભૈરવિયા, કિરણ ચૌહાણે જહેમત ઉઠાવી હતી.

### ભરૂચ મજદૂર સંઘનું પડતર પ્રશ્ને કલેક્ટરને આવેદન


ભરૂચ: ભરૂચ જિલ્લા ભારતીય મજદૂર સંઘ દ્વારા વિવિધ પડતર પ્રશ્ને મંગળવારે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.
ભરૂચ જિલ્લા ભારતીય મજદૂર સંઘ દ્વારા મંગળવારે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું, જેમાં જણાવ્યા અનુસાર ભારતીય મજદૂર સંઘ સાથે સંલગ્ન સ્કીમ વર્કરના વ્યાપક પ્રશ્નો ગુજરાત સરકાર સાથે બજેટ પૂર્વે મહત્ત્વની બેઠકમાં રજૂ કર્યા હતા. એ બાદ પણ એકેય જાહેરાત કરવામાં આવી નથી. એનાથી ઊલટું પીએમ પોષણશક્તિ નિર્માણ યોજનામાં તો રજૂ કરેલા પ્રશ્નના ઉકેલને બદલે આ યોજનામાં હજારો રસોઈયા, મદદનીશ સહિતના કર્મીઓને નકારાત્મક રીતે પ્રતિભાવ કરતો નિર્ણય બજેટમાં યોજનાને ખાનગી સંસ્થાને 551 કરોડના ખર્ચે રસોડા બનાવીને કોન્ટ્રાક્ટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે સ્કીમ વર્કરના કામદારોને સરકારી કર્મચારીઓ સમાન વેતન અને સામાજિક સુરક્ષા કવચ આપો, એપીએસ 95 પેન્શન ઓછામાં ઓછું રૂ.5,000 આપવું, ઇપીએફ વેતન મર્યાદા રૂ.30,000 કરવી અને ઇએસઆઇસી વેતન સીમા રૂ.42 હજાર કરવાની માંગ કરી હતી.

### ‘સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત’ના યાત્રીઓનું ભરૂચ જિલ્લામાં આગમન

ભરૂચ: કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ (CISF)ના 56મા સ્થાપના દિવસ નિમિત્તે વિશેષ સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ‘સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત’ના સંદેશ સાથે નીકળેલી આ રેલી લખપતથી કન્યાકુમારી સુધીની 3700 કિલોમીટરની યાત્રા કરશે. રવિવારે સાંજે આ સાઇકલ રેલી ભરૂચના જંબુસર તાલુકાના કારેલી ગામે પહોંચી હતી. જંબુસર-આમોદના ધારાસભ્યએ 17 માર્ચના રોજ ગાંધી આશ્રમ કારેલીથી સાઇકલ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીના સાઇકલિસ્ટોએ ત્રાલસા ખાતે આવેલા અસ્મિતા વિકાસ કેન્દ્રના દિવ્યાંગ બાળકોની મુલાકાત લીધી હતી. ત્યારબાદ હિંગલા ચોકડી, ચાવજ અને નંદેલાવ થઈને એબીસી ચોકડી પરથી નર્મદા મૈયા બ્રિજ સુધી પહોંચ્યા હતા. સાઇકલિસ્ટોએ ગોલ્ડન બ્રિજ નીચે ફોટો સેશન કરીને આસપાસની સફાઇ કરી હતી. ત્યારબાદ અંકલેશ્વર તરફ નીકળ્યા હતા. CISF કમાન્ડર કૃતિકા નેગી અને ઉપ કમાન્ડર વી.એસ. પ્રતિહારની આગેવાનીમાં 125 સાઇકલિસ્ટ જોડાયા છે. આ રેલી 25 દિવસમાં મહારાષ્ટ્ર, ગોવા, કેરળ સહિત 9 રાજ્યમાંથી પસાર થશે. ભરૂચ સાઇકલ ગ્રુપના સભ્યો પણ આ રેલીમાં જોડાઈને આગળ નીકળ્યા હતા.

## પરમાત્માની શરણાગતિ વિના કર્મના બંધનમાંથી મુક્તિ શક્ય નથી: જ્ઞાનનયન સ્વામી

**બારડોલી** BAPS સ્વામિનારાયણ મંદિરના ત્રિદશાબ્દિ મહોત્સવ નિમિત્તે પારાયણ



બારડોલીઃ બારડોલીના BAPS સ્વામિનારાયણ મંદિરના ત્રિદશાબ્દિ મહોત્સવ નિમિત્તે ‘જીવન જીવવાની કળા’ વિષય પર તા.15, 16, 17 માર્ચ દરમિયાન પારાયણનું ભવ્ય આયોજન કરાયું હતું.

સારંગપુરથી પધારેલા વક્તા સંત પૂજ્ય જ્ઞાનનયન સ્વામીએ ઉપસ્થિત હરિભક્તોને જીવન જીવવાની કળા અંગે ભારતીય શાસ્ત્રો અને ભારતીય પરંપરાનાં ઉદાહરણો દ્વારા ઊંડી સમજ આપી હતી. તેમણે સમજાવ્યું કે, આ દેહમાં આપણે મહેમાન છીએ. જ્યાં સુધી દેહને પોતાનું સ્વરૂપ માનશું, ત્યાં સુધી આપણું જીવન સંકટોથી ભરેલું રહેશે. પરંતુ જ્યારે આપણે આત્મા, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપને સમજીને જીવન જીવીશું અને ‘અક્ષરં અહમ્ પુરુષોત્તમ દાસોસ્મિ’ મંત્રને ધારણ કરીશું, ત્યારે સુખમય અને શાંત જીવન શક્ય બનશે.

જીવનમાં કર્તવ્યો નિભાવવાની સાથે આત્માનું અનુસંધાન રાખવું જરૂરી છે. ભગવાન જે કરે તે હંમેશાં ભલા માટે જ હોય છે. સારા કર્મનું સારું ફળ અને ખરાબ કર્મનું ખરાબ ફળ મળે છે, પણ પરમાત્માની શરણાગતિ વિના કર્મના બંધનમાંથી મુક્તિ શક્ય નથી. સાચા સંતો અને ભગવાનની કૃપા દ્વારા જ જીવનનો પરમ ઉદ્દેશ પ્રાપ્ત કરી શકાય.

આ રીતે પૂજ્ય જ્ઞાનનયન સ્વામીએ જીવનને સુખમય અને શાંત બનાવવાના આધ્યાત્મિક સિદ્ધાંતો પર પ્રકાશ પાડ્યો અને ધાર્મિક જીવનના મૂળભૂત સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવ્યા હતા. આ પારાયણમાં શહેરના અનેક મહાનુભાવો તથા 1100થી વધુ મુમુક્ષુ ભક્તોએ દરરોજ ખૂબ સારી રીતે લાભ લીધો હતો. સાંકરી મંદિરથી સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. અંતે પૂજ્ય ધ્યાનજીવન સ્વામીએ આભાર વિધિ દ્વારા પારાયણનું સમાપન કર્યું હતું.

### અંકલેશ્વરના જોગર્સ પાર્કને અટલ પાર્ક નામ અપાયું

અંકલેશ્વર: અંકલેશ્વર જી.આઇ.ડી.સી.માં આવેલા જોગર્સ પાર્કના નામકરણ અંગે ઊભા થયેલા વિવાદ ઉપર પૂર્ણવિરામ મૂકતાં નોટિફાઈડ વિભાગ દ્વારા હવે અટલજી જોગર્સ પાર્ક અને અન્ય ગાર્ડનને સ્વ.કેશુભાઈ પટેલ નામ આપવામાં આવ્યું છે. તાજેતરમાં જોગર્સ પાર્કને છત્રપતિ શિવાજી પાર્ક નામાભીકરણ માટે લેખિતમાં એક આવેદનપત્ર એસ.ડી.એમ અને નોટિફાઈડ અધિકારીઓને આપ્યું હતું. જે બાદ અટલ પાર્ક નામની તકતી લગાડી દેવામાં આવી હતી.

## એક રાષ્ટ્ર, એક ચૂંટણીને બારડોલી નગરપાલિકા અને તા.પં.નું સમર્થન

**બારડોલી** નગર પાલિકાની સભામાં વિપક્ષ ગેરહાજર રહ્યો

બારડોલીઃ એક રાષ્ટ્ર-એક ચૂંટણી અંતર્ગત બારડોલી નગરપાલિકા અને તાલુકા પંચાયત ખાતે ખાસ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારત દેશની લોકસભા અને ભારત દેશના તમામ રાજ્યોની વિધાનસભાઓની સામાન્ય ચૂંટણી એકસાથે કરાવવા માટે તા.17/12/2024ના રોજ દેશની સંસદમાં રજૂ થયેલ બંધારણીય સુધારા બિલ-129, સંશોધન વિધેયક-2024ને સમર્થન આપવા અંગે બારડોલી નગરપાલિકા ખાતે પ્રમુખ ધર્મેશ પટેલના અધ્યક્ષ સ્થાને ખાસ સામાન્ય સભા મંગળવારના રોજ નગરપાલિકા સભાખંડમાં મળી હતી, જેમાં એક રાષ્ટ્ર એક ચૂંટણીને સમર્થન આપતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જેને ઉપસ્થિત તમામ સભ્યોને સમર્થન આપ્યું હતું. જો કે, આ સભામાં વિપક્ષ ગેરહાજર રહ્યો હતો. બીજી તરફ આ જ એજન્ડાને લઈ બારડોલી તાલુકા પંચાયતમાં પણ ઠરાવ પસાર કરી બિલને સમર્થન આપવામાં આવ્યું હતું.

## માંડવીમાં ખેરનાં લાકડાંમાં ગુનાહિત પ્રવૃત્તિ બદલ મુસ્તાક તાસીયાનાં જામીન નામંજૂર

**ખેરનાં** લાકડાંની તસ્કરીમાં કરોડોની હેરફેરનો ખુલાસો થયો હતો

માંડવીઃ સુરત વન વિભાગ માંડવી દક્ષિણ રેન્જ નં.MASKC-2/2024-25 વર્ષના તા.14/6/2024ના ગુનાના કામે આરોપી મુસ્તાક આદમ તાસિયા નાસતો ફરતો હતો. જેની આગોતરા જામીન અરજી સુપ્રીમ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવ્યા બાદ સદર મુસ્તાક આદમ તાસીયા માંડવી ટ્રાયલ કોર્ટ સમક્ષ સરેન્ડર થયો હતો. અને તપાસ વન વિભાગને સોંપતાં રિમાન્ડ મંજૂર કરતાં રિમાન્ડ દરમિયાન ઘણા મોટા ખુલાસા થયા હતા. જે તપાસમાં બીજાં રાજ્યો મહારાષ્ટ્ર અને હરિયાણાની કાથા ફેક્ટરીઓની સંડોવણી ખૂલતાં રિમાન્ડ બાદ ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો. જ્યાં જામીન નામંજૂર થયા બાદ સેસન્સ કોર્ટ બારડોલી દ્વારા પણ જામીનઅરજી નામંજૂર કરવામાં આવી હતી. તેની ચાર્જશીટ માંડવી ટ્રાયલ કોર્ટમાં રજૂ કર્યો હતો.

ખેરનાં લાકડાંની તસ્કરીમાં કરોડોની ગેરકાયદે હેરફેરનો ખુલાસો થતાં તેની ચાર્જશીટ માંડવીના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ અને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ દાખલ કરાતાં તા.11 માર્ચ-2025ના રોજ આરોપી પક્ષે અને સરકાર પક્ષે લાંબા સમય સુધી ધારદાર દલીલો કરવામાં આવી હતી. જે જામીન અરજીનો હુકમ અનામત રાખ્યા બાદ તા.18 માર્ચના રોજ જામીન નામંજૂર કરવામાં આવ્યાં હતાં. આ આરોપી તા.31/12/2024થી સુરતની લાજપોર જેલમાં છે.

સરકાર પક્ષે જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલા અને સ્પેશિયલ વાઈલ્ડ લાઈફના કેસોના પી.પી.મહેન્દ્રસિંહ કછાવા-રાજસ્થાન હાઈકોર્ટે ધારદાર રજૂઆત કરી હતી.

### જેસીઆઇ બારડોલી દ્વારા ઇફેક્ટિવ પબ્લિક સ્પીકિંગ ટ્રેનિંગનું સફળ આયોજન

બારડોલીઃ જેસીઆઈ બારડોલી દ્વારા તાજેતરમાં રવિવારે ઈફેક્ટિવ પબ્લિક સ્પીકિંગ વિષય પર એક અસરકારક ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યક્તિઓના વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો. આ ટ્રેનિંગમાં જેસીઆઈ બારડોલીના સભ્યો તેમજ અન્ય આમંત્રિત સભ્યો સહિત કુલ ૫૦ થી વધુ વ્યક્તિઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. સમગ્ર દિવસ દરમિયાન ચાલેલી આ ટ્રેનિંગમાં સફળ ટ્રેનર તરીકે જેસી ભાવિક ગોસ્વામી અને જેસી ઉત્સવી ખંડેલવાલે પોતાની સેવાઓ આપી હતી.

## આંગણવાડી બહેનોના પ્રશ્નો નહીં ઉકેલાતાં તાપી કલેક્ટરને આવેદન



વ્યારાઃ ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘે કેન્દ્ર-રાજ્ય સરકાર સાથે સ્કીમ વર્કર અંતર્ગત કામ કરતા કામદારોની બજેટ પૂર્વે સરકાર સાથેની બેઠકમાં રજૂ થયેલા મુદ્દે જાહેરાત ન કરાતાં નારાજગી વ્યક્ત કરી તાકીદે પ્રશ્નોનો નિકાલ નહીં કરવામાં આવે તો અગામી દિવસોમાં પ્રચંડ કાર્યક્રમો આપવાની ચીમકી આપતું આવેદન મુખ્યમંત્રીને તાપી કલેક્ટર મારફતે આપ્યું હતું.

આ આવેદનમાં જણાવ્યું હતું કે, હાઈકોર્ટના ચુકાદાનું ત્વરિત પાલન કરવું અને જ્યાં સુધી કોઈ નિર્ણય ન આવે ત્યાં સુધી બહેનોને મિનિમમ વેઈઝ એક્ટ મુજબ લઘુતમ વેતનની ચૂકવણી કરવી, મોબાઈલ સહાય આપવી, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અંતર્ગત વર્કર બહેનોએ ૩ વર્ષ અને ૬ માસથી પોતાના ખર્ચે તમામ જથ્થો અનાજ કરિયાણાની દુકાનેથી ઊંચકી આંગણવાડી સુધી પહોંચાડ્યું છે. જેનું કોઈપણ ભાડું મળતું નથી. આ બાબતે સત્વરે નિકાલ કરવા, નિવૃત્ત થયેલી વર્કર હેલ્પર બહેનોને ગ્રેચ્યુઈટીની રકમ વ્યાજ સહિત ચૂકવવી, આંગણવાડીની બહેનોનું યુનિફોર્મ દેશભરમાં આંગણવાડીની કાર્યપદ્ધતિ એક જ હોય યુનિફોર્મની ડિઝાઈન અને કલર એક જ રાખી, બ્લાઉઝ સિલાઈના રૂ.૨૫૦ આપવા સહિતની માંગ કરાઈ છે.

### ઝંખવાવની મહિલા રસ્તો ભૂલી ગઇ, પોલીસે પરિવાર સાથે મેળાપ કરાવ્યો

વાંકલઃ માંગરોળ પો.સ્ટે.ના વાંકલ આ.પો.ના હે.કો. આનંદભાઈ પ્રેમાભાઈ તથા અન્ય પોલીસ માણસો પેટ્રોલિંગમાં હતાં. દરમિયાન રાત્રે નવેક વાગ્યાના અરસામાં વાંકલના સ્નેહલ પાર્ક ખાતે એક અજાણી મહિલા માનસિક અસ્વસ્થ હાલતમાં મળી આવી હતી. સવારે ઘરેથી નીકળ્યા બાદ રસ્તો ભૂલી ગઈ હતી. તેને સરનામું પણ સરખું યાદ ન હતું. આથી વાંકલ આ.પો. ખાતે લઈ આવી પરિવારનો પત્તો મેળવતાં તેમનાં દીકરી ટીનાબેનનો સંપર્ક થયો હતો. મહિલાનું નામ શાંતાબેન ગામીત (ઉં.વ.૬૨) (રહે.,ઝઘડિયા) જણાવ્યું હતું. અંતે વૃદ્ધાનું પરિવાર સાથે સુખદ મિલન થયું હતું.



## કવિઠામાં આપઘાત કરનાર યુવાનના પરિવારની કોંગ્રેસે મુલાકાત લીધી

ભરૂચઃ ભરૂચના કવિઠા ગામે પોલીસના ત્રાસથી યુવાને આપઘાત કરવાના આક્ષેપના મામલે મંગળવારે કોંગ્રેસની આદિજાતિ સેલના ચેરમેન રાજેન્દ્ર પારઘી, ભરૂચ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા, પૂર્વ પ્રમુખ પરિમલસિંહ રાણા સહિત આદિવાસી આગેવાનો મૃતકના ઘરે પહોંચ્યા હતા અને પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. કોંગ્રેસે જવાબદાર પોલીસકર્મીઓને ડિસમિસ કરવાની માંગ કરી હતી. કોંગ્રેસે આ અંગે જણાવ્યું હતું કે, ગુજરાતના આદિવાસીઓ પર અવારનવાર અત્યાચાર થાય છે ત્યારે જો આ પરિવારને ન્યાય નહીં મળે તો આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.